બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા

ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) | રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨ | કુલ ગુણ : ૧૦૦

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં (ગુણ : ૧ ☐) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાનું દર્શન' નવી આવૃત્તિના આધારે

પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)

નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.

૧. ૧, ૩ (૧૬) ૨. ૩ (૨૬) ૩. ૨, ૩ (૩૯, ૪૧)

પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)

નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

૧. પરબ્રહ્મના નિર્ગુણ સ્વરૂપના બે અર્થ કરો. (૧૫)

જ. માયિક ગુણો-દોષો-વિકારોથી રહિતપણું એટલે પરબ્રહ્મનું નિર્ગુણપણું.

૨. સ્વામિનારાયણ મહામંત્રમાં કેવી રીતે ઉપાસના-ભક્તિ કરવાનો નિર્દેશ- આદેશ છે ? (૪)

જ. સ્વામિનારાયણ મહામંત્રમાં 'સ્વામિએ સહિત નારાયણ' નું ભજન કરવાનો કે 'સ્વામીરૂપ થઈને નારાયણ'ની ઉપાસના-ભક્તિ કરવાનો નિર્દેશ- આદેશ છે.

૩. વચ. પં. ૪માં ભગવાન અને બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ વચ્ચે કરેલી તુલના. (૧૮)

જ. વચ. પં. ૪માં ભગવાન અસંખ્ય કોટિ જે બ્રહ્માંડરૂપ ગામના રાજાધિરાજ છે અને એ બ્રહ્માંડરૂપ જે ગામ તેના મુખ્ય પટેલ તો બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ છે.

૪. ભગવાનનું જે અક્ષરધામ છે તેની આગળ બીજા શેને મોક્ષ ધર્મને વિશે નરકતુલ્ય કહ્યા છે ? (૧૬)

જ. જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે, તેને મોક્ષધર્મને વિશે નરક તુલ્ય કહ્યા છે.

૫. શ્રીજીમહારાજના મતે જ્ઞાનમાર્ગ કેવી રીતે સમજવો જોઈએ ? (૩૪)

જ. શ્રીજીમહારાજના મતે જ્ઞાનમાર્ગ તો એવો સમજવો કે કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ.

પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)

૧. 'તેને જીતી કર્યો જેજેકાર, એથી કોણ મોટો અવતાર' (૬૯)

જ. આશ્રિતોને કરાવેલી બ્રાહ્મી સ્થિતિ

૨. ''અનંત અવતાર હરિકે હોઉ, હરિ મરજી મેં વરતત સોઉ.'' (૫૪)

જ. શ્રીજીમહારાજ સર્વોપરી : સાંપ્રદાયિક ગ્રંથોને આધારે (શ્રીહરિચરિત્રામૃતસાગર)

૩. 'એમની મોટપ તો આસને નથી એ તો અનાદિના મોટા છે.' (૧૨૦)

જ. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ : એક દસ્તાવેજી પત્રના આધારે

૪. ભગવાન છે તે એકડો છે ને સાધન છે તે મીંડાં છે. (૧૨)

જ. પરબ્રહ્મના સ્વરૂપને સમજવાની અનિવાર્યતા

૫. પ્રત્યક્ષ ભગવાનથી જ આત્યંતિક કલ્યાણ થાય છે. (૭૮)

જ. પ્રગટની પ્રાપ્તિ-પ્રતીતિ-ભક્તિથી લાભ

પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)

નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.

૧. જીવનું સ્વરૂપ અને તેના ગુણધર્મો (અનુક્રમણિકા પા.નં. ૧૩)

(૧) જીવ : દેહ-ઇન્દ્રિય-અંતઃકરણાદિકથી ભિન્ન તત્ત્વ (૨) જીવ : અજ, અજર, અમર (નિત્ય) તત્ત્વ

(૩) જીવ : જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાનાશ્રય (૪) જીવ : જ્ઞાતા, કર્તા અને ભોક્તા

(૫) જીવનું અન્વય-વ્યતિરેકપણું (૬) જીવનું અણુ પરિમાણ

૨. અવતારવાદ (અનુક્રમણિકા પા.નં. ૧૧)

(૧) અવતારોના પ્રાગટ્યનું પ્રયોજન (૨) સર્વે અવતારોના કારણ

(૩) અવતારવાદનું રહસ્ય (૪) અવતાર-અવતારી વચ્ચે ભેદ

પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)

નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.

૧. **પરબ્રહ્મનું દિવ્યપણું કેવી રીતે ? (૮૮, ૯૦-૯૧) પૂર્વભૂમિકા :** પરબ્રહ્મનું સ્વરૂપ સદા દિવ્ય, નિર્દોષ, અલૌકિક, માયાપર, ગુણાતીત છે, જ્યારે આપણાં ઇન્દ્રિયો-અંતઃકરણ માયિક છે. (વચ.પ્ર.૫૧) તેથી ભગવાનનું સ્વરૂપ ઇન્દ્રિયો-અંતઃકરણને અગોચર છે. (વચ.પં. ૪) **(૧) મૂર્તિમાન થકા અક્ષરધામમાં વ્યતિરેક સ્વરૂપે દિવ્ય : અં. ૩૮** - ''ભગવાનના અક્ષરધામને વિશે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમનો જે આકાર છે તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે.'' **પ્ર. ૪૫** - ''કોઈ એમ કહેશે જે, શ્રુતિમાં એમ કહ્યું છે જે, 'પરમેશ્વર તો કર-ચરણાદિકે રહિત છે ને સર્વત્ર પૂર્ણ છે.' તો એ જે શ્રુતિએ કર-ચરણાદિકનો નિષેધ કર્યો છે તે તો માયિક કર-ચરણાદિકનો નિષેધ કર્યો છે અને ભગવાનનો આકાર છે તે તો દિવ્ય છે પણ માયિક નથી.'' **પં. ૭** - ''માયાના ત્રણ ગુણનો સંગ જે પંચભૂત, ઇન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા તે ભગવાનના સ્વરૂપને વિશે ત્રિકાળમાં છે જ નહિ.'' **(૨) આલોકમાં મનુષ્યરૂપે દિવ્ય:** ભગવાન પોતાના પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરવા, અનંત જીવોનું કલ્યાણ કરવા અને એકાંતિક ધર્મની સ્થાપના કરવા માટે જ્યારે મનુષ્ય રૂપે પ્રગટ થાય છે, ત્યારે તેઓ પ્રાયઃ પોતની દિવ્યતાને છુપાવી રાખે છે. (વચ.પ્ર. ૬૩, પ્ર. ૭૨, પં. ૪) જીવોના હિતાર્થે ભગવાને છુપાવી રાખેલા આ દિવ્યભાવને સમજી ન શકનારા કેટલાક એવું કહે છે કે ભગવાન પોતાના ધામમાં હોય ત્યારે દિવ્ય છે, પરંતુ આ લોકમાં પ્રગટ થાય ત્યારે તેઓ દિવ્ય નથી, માયિક જ છે. સામાન્ય જીવની જેમ તેમને પણ કર્મોના ફળ ભોગવવાં પડે છે. એવું માનનારની સમજણને નરસિંહ મહેતા એમના કીર્તનમાં જણાવે છે : 'પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે, નરસૈંયાના સ્વામીની લીલા, ઓલ્યા મતિયા કહે છે માયા રે.' શ્રીજીમહારાજને આ મત માન્ય નથી. ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની દિવ્યતા વિશે તેઓ કહે છે : **પ્ર. ૭૧** - ''પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે પ્રકટ થાય છે, ત્યારે જે જે તત્ત્વોનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે.'' **પં. ૭** - તે આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિશે જેવું ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્ય - તે જે યુક્ત છે, તેવું ને તેવું જ પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનને વિશે જાણવું, તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય..... ભગવાનને વિશે જે બાળક-યુવાન-વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે, તે તો એની યોગમાયાએ કરીને દેખાય છે, પણ વસ્તુગત્યે તો ભગવાન જેવા છે તેવા ને તેવા જ છે.... એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવના કલ્યાણને અર્થે ને પોતાને વિશે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિશે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિશે જે ભગવાનનું મનુષ્યસ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિશે ને આ સ્વરૂપને વિશે લેશમાત્ર ફેર સમજતા નથી. આમ, ભગવાન આ લોકમાં મનુષ્ય રૂપે પ્રગટ થાય છતાં તેઓ તો નિર્દોષ ને દિવ્ય છે. તેઓ જે જે તત્ત્વો કે પદાર્થો અંગીકાર કરે તે પણ દિવ્ય થઈ જાય છે. તેમના સંબંધમાં જે કોઈ વસ્તુ, વ્યક્તિ કે સ્થાન આવે તો તે સર્વે પણ નિર્ગુણ અને દિવ્ય બની જાય છે. (વચ.મ. ૮, ૧૩) તેઓ

જે જે ચરિત્રો કરે તે સર્વે પણ દિવ્ય જ છે. (વચ.પ્ર.૭૨, મ.૧૦, પં ૪) **શ્રીજીમહારાજને વિશે નિર્દોષતા અને દિવ્યતા : કા.૬** - ‘‘અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશ પણ આવતો નથી, અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેનો તો હૈયામાં અતિશય અભાવ વર્તે છે, પણ પંચવિષયમાંથી એકને વિશે લેશમાત્ર ભાવ થતો નથી.’’ **મ. ૩૩** - ‘‘જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે. અને એવી રીતે અમે સદાય નિર્દોષપણે છીએ.’’ મ. ૩૯ - ‘‘એક તો અમારે એમ વર્તે છે જે, પંચ પ્રકારના વિષય સંબંધી જે જે પદાર્થ છે તેનો દેહે કરીને સૂઝે એટલો યોગ થાય તોપણ તેનો મનમાં ઘાટ ન થાય તથા સ્વપ્નમાં પણ ન આવે.’’ **અં. ૩૧** - ‘‘ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિશે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે, એ બેમાં ફેર નથી. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમ જ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે.’’ **પ્રત્યક્ષ ગુણાતીત સંતને વિશે નિર્દોષતા અને દિવ્યતા : વ. ૧૧** - ‘‘બ્રહ્મસ્વરૂપ એવા જે સત્પુરુષ તે તો ત્રણ શરીર ને ત્રણ અવસ્થા તે થકી પર વર્તતા હોય અને ચૌદે ઇન્દ્રિયોની ક્રિયા તે પોતાને વિશે એકે માનતા ન હોય.’’ **અં. ૨૬** - ‘‘ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંત તે કેવા હોય ? તો ઇન્દ્રિયો, અંતઃકરણ, આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તે પોતે દાબીને વર્તે, પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ, ને ભગવાન સંબંધી જ ક્રિયાને કરે, ને પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય, ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિશે હોય નહિ. અને એવા સંત મનુષ્ય છે તોપણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. **(૩) સર્વત્ર વ્યાપક એવા અન્વય સ્વરૂપે દિવ્ય :** પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અક્ષરધામમાં સદૈવ વિરાજમાન રહ્યા થકા અન્વય સ્વરૂપે સર્વે જડ-ચેતન તત્ત્વોમાં વ્યાપક હોવા છતાં તેના કોઈ માયિક દોષો એમને સ્પર્શતા નથી. તેઓ તો સદૈવ આકાશની જેમ નિર્લેપ અને નિર્બંધ જ રહે છે. આ પ્રકારનો નિર્દેશ મહારાજે નીચેનાં વચનામૃતોમાં કહ્યો છે : **કા. ૮** - ‘‘જેમ આકાશ છે તે પૃથ્વી આદિક ચાર ભૂતમાં વ્યાપક છે ને પૃથ્વી આદિક ચાર ભૂત થકી અસંગી છે અને ચાર ભૂતની ઉપાધિ તે આકાશને અડતી નથી, આકાશ તો અતિશય નિર્લેપ થકો એ ચાર ભૂતને વિશે રહ્યો છે, તેમ પુરુષોત્તમ ભગવાન સર્વના આત્મારૂપે કરીને સર્વને વિશે રહ્યા છે તોપણ અતિશય નિર્વિકાર છે ને અસંગી છે ને પોતે પોતાને સ્વભાવે યુક્ત છે.’’ **મ. ૧૭** - ‘‘પુરુષોત્તમ ભગવાન છે તે સર્વ ક્ષેત્રજ્ઞના ક્ષેત્રજ્ઞ છે તોપણ નિર્વિકાર છે અને માયા આદિક જે વિકારવાન પદાર્થ તેનો વિકાર પુરુષોત્તમ ભગવાનને અડતો નથી.’’ **(૪) સર્વકર્તાહર્તા છતાં દિવ્યઃ** પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ વ્યતિરેક સ્વરૂપે અક્ષરધામમાં હોય કે આ લોકમાં મનુષ્યરૂપે પ્રગટ થયા હોય, અથવા તો અન્વય સ્વરૂપે સર્વત્ર અને સર્વમાં વ્યાપક હોય, તેમ છતાં તેઓ અનંત કોટિ બ્રહ્માંડના કર્તા-હર્તા-ધર્તા-ભર્તા અને નિયંતા છે. અનંત કોટિ બ્રહ્માંડમાં જ્યારે, જ્યાં અને જે કાંઈ થાય છે તે પુરુષોત્તમ નારાયણની ઇચ્છા, પ્રેરણા અને શક્તિથી થાય છે. તેમની પ્રેરણાશક્તિથી કોઈ પણ દ્વારા થતા કોઈ પણ કર્મનો પાશ તેમને લાગતો નથી. એટલું જ નહિ, પરંતુ આ લોકમાં પ્રગટ થઈને સાક્ષાત્ પોતે કોઈ પણ કર્મ કરે અથવા કોઈ પણ વિષય ભોગવે તોપણ તેમને તેનું બંધન થતું નથી. તેઓ તો સદાય નિર્લેપ, નિર્મળ, અને અસંગી જ રહે છે. તેમને કોઈ પણ કર્મના કે વિષયના કોઈ પણ દોષ કે વિકાર સ્પર્શતા નથી. આ રીતે તેઓ સર્વકર્તાહર્તા અને સર્વભોક્તા હોવા છતાં સદા નિર્દોષ અને નિર્વિકાર રહે છે. **પ્ર. ૬૨** - ‘‘એ સર્વના કર્તા થકા પણ એ નિર્લેપ છે, એમ ભગવાનને જાણે.’’ **મ. ૧૦** - ‘‘ભગવાનનું સ્વરૂપ તો એવું આકાશની પેઠે નિર્લેપ છે અને સર્વ ક્રિયાઓને કર્તા થકા ભગવાન અકર્તા છે, અને સર્વના સંગી થકા પણ અત્યંત અસંગી છે.’’ આ રીતે પરબ્રહ્મ કોઈ પણ સ્વરૂપે કોઈ પણ અવસ્થામાં સદૈવ, સર્વત્ર અને સર્વથા નિર્દોષ અને દિવ્ય છે. **અથવા**

૨. **પરબ્રહ્મનું અંતર્યામી સ્વરૂપ પણ સાકાર-મૂર્તિમાન જેવું. (૩૩-૩૪)** પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું વ્યતિરેક સ્વરૂપ તો દિવ્ય મનુષ્યાકારે સાકાર-મૂર્તિમાન છે જ, પણ એમનું સર્વત્ર વ્યાપક એવું અંતર્યામી-અન્વય સ્વરૂપ પણ સાકાર જેવું જાણવું, એમ મહારાજ આપણને વચનામૃતમાં સમજાવે છે. **પ્ર. ૪૫** માં તેઓ આ હકીકતને સમજાવતાં કહે છે, ‘‘અંતર્યામીપણે કરીને જીવ-ઈશ્વરને વિશે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનનું બ્રહ્મરૂપ તેજ તે નિરાકાર છે, તોપણ જીવ-ઈશ્વર સર્વેને તેમનાં કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મનાં ફળને દેવાને વિશે નિયંતાપણું છે, ને સાકારની પેઠે નિયંતારૂપ ક્રિયાને કરે છે. માટે તે તેજને પણ સાકાર જેવું જાણવું.’’ **કા. ૪** માં આવી જ વાત તેઓ કરે છે, ‘‘ભગવાન પણ પોતાના અક્ષરધામને વિશે મૂર્તિમાન થકા પોતાની અંતર્યામી શક્તિએ કરીને જીવોને વિશે વ્યાપીને રહ્યા છે. ને મૂર્તિમાનની પેઠે ક્રિયાને કરે છે, માટે એને પણ મૂર્તિમાન

જાણવા. વળી, મહારાજ અનેક વચનામૃતોમાં સમજાવે છે કે મુમુક્ષુએ સાધના દરમ્યાન પોતાના જીવાત્મામાં ભગવાનને મૂર્તિમાન સમજીને જ ધારવાના છે, અને સાક્ષાત્કારની સ્થિતિમાં એને પોતાનામાં અને સર્વત્ર ભગવાન મૂર્તિમાન જ દેખાય છે. બે સંદર્ભો દ્વારા આ હકીકતને સમજીએ : **પ્ર. ૨૩** - ''જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તેથી પર ને ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને માને અને તે પોતાના સ્વરૂપને વિશે ભગવાનની મૂર્તિને ધારીને ભગવાનનું ભજન કરે. પછી ત્રણ અવસ્થાથી ને ત્રણ શરીરથી પર જે પોતાનું સ્વરૂપ તેને અતિશય પ્રકાશમાન ભાળે ને તે પ્રકાશને વિશે ભગવાનની મૂર્તિ જેવી પ્રગટ પ્રમાણ છે તેવી અતિશય પ્રકાશેયુક્ત ભાસે. એવી રીતની સ્થિતિવાળો હોય.'' **કા.૭** - ''એવી નિષ્ઠાને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તેની આવી દશા હોય જે, પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિશે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે, તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિશે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહિ. એ સિદ્ધદશાનું લક્ષણ છે.'' આમ, મહારાજને મતે જીવ-ઈશ્વરો તથા અનંત કોટિ બ્રહ્માંડમાં અણુ અણુમાં વ્યાપીને રહેલું અંતર્યામી સ્વરૂપ પણ સાકાર મૂર્તિમાન જેવું છે. તેથી તેઓ વચ.વ.૧૩માં પણ કહે છે, ''ભગવાનને ગ્રંથમાં વ્યાપક કહ્યા છે તે તો મૂર્તિમાન છે તે જ પોતાની સામર્થીએ કરીને એક ઠેકાણે રહ્યા થકા સર્વને દર્શન આપે છે એમ વ્યાપક કહ્યા છે, પણ આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક નથી.''

૩. **જગતનું સ્વરૂપ : કાર્યકારણનો સિદ્ધાંત (૧૪૨)** શ્રીજીમહારાજ કાર્ય-કારણના સિદ્ધાંતમાં સત્કાર્યવાદનો સિદ્ધાંત સ્વીકારે છે. સત્કાર્યવાદની દૃષ્ટિએ કાર્ય ઉત્પત્તિ પૂર્વે કારણમાં સત રૂપે વિદ્યમાન હોય જ છે. અહીં કારણ જ કાર્ય રૂપે અભિવ્યક્ત થાય છે. અહીં ઉત્પત્તિનો અર્થ આવિર્ભાવ અને પ્રલયનો અર્થ તિરોભાવ છે. સૂક્ષ્મ(કારણાવસ્થા) રૂપે કે સ્થૂળ(કાર્યાવસ્થા) રૂપે એક જ દ્રવ્ય હોય છે. કારણ અને કાર્ય અભિન્ન છે, પરંતુ કારણથી કાર્ય પૃથક્ અને ભિન્ન દ્રવ્ય નથી. કાર્ય તો કારણભૂત દ્રવ્યનું અવસ્થાન્તર જ છે. કુંભાર જ્યારે માટીમાંથી ઘડો બનાવે છે ત્યારે વસ્તુતઃ કારણરૂપ માટી જ કાર્ય એવા ઘડા રૂપે થાય છે, એટલે કે માટી નવો આકાર ધારણ કરે છે. માટીની પિંડાવસ્થા એ ઘડાની કારણાવસ્થા છે, જ્યારે ઘડો એ માટીની કાર્યાવસ્થા છે. તેથી અહીં કારણ અને કાર્ય અંતે તો 'માટી' જ છે. કાર્યકારણના આ સિદ્ધાંતને સત્કાર્યવાદ કહેવામાં આવે છે. આ સિદ્ધાંત જગતના સર્જનમાં પણ જોવા મળે છે. મૂળમાયા જગતનું મૂળભૂત કારણ છે અને સમગ્ર જગત માયાનું કાર્ય છે. સૃષ્ટિ સમયે સૂક્ષ્મ એવી મૂળમાયા જ નામરૂપાત્મક સ્થૂળ જગત રૂપે થાય છે, પરિણમે છે. તેથી અહીં કારણ અને કાર્ય બે ભિન્ન તત્ત્વો નથી પણ 'માયા', 'પ્રકૃતિ' જ છે. સમગ્ર જગત પ્રકૃતિનું પરિણામ હોવાથી કાર્યકારણના સિદ્ધાંતને 'પ્રકૃતિ-પરિણામવાદ' કહેવામાં આવે છે. શ્રીજીમહારાજના મતે પ્રકૃતિ સ્વતંત્ર તત્ત્વ નથી, પરંતુ તે પરબ્રહ્મને આધીન અને પરબ્રહ્મનું શરીરભૂત તત્ત્વ છે. પરબ્રહ્મ આ પ્રકૃતિના નિયંતા, શાસ્તા છે. તેથી પરબ્રહ્મની ઇચ્છા વગર પ્રકૃતિમાં કોઈ પ્રકારનું પરિવર્તન કે પરિણમન શક્ય બનતું નથી. માટે શ્રીજીમહારાજની દૃષ્ટિએ કાર્યકારણના ઉપરોક્ત સિદ્ધાંતને 'પરબ્રહ્મ-પ્રશાસિત-પ્રકૃતિ-પરિણામવાદ' કહી શકાય. સામાન્ય રીતે કોઈ પણ કાર્યની ઉત્પત્તિ માટે બે પ્રકારનાં કારણો સમજવામાં આવે છે. **૧. ઉપાદાન કારણ :** જે પરિણમનશીલ દ્રવ્યમાંથી વસ્તુ બને તે દ્રવ્યને ઉપાદાન કારણ કહેવાય. જે માટીમાંથી ઘડો બને, તે માટીને ઘડાનું ઉપાદાન કારણ કહેવાય. **૨. નિમિત્ત કારણ :** જે ચેતન વ્યક્તિ ઉપાદાનભૂત દ્રવ્ય યા વસ્તુને કાર્ય રૂપે પરિવર્તિત કરે તેને નિમિત્ત કારણ કહેવાય. દા.ત. કુંભાર માટીમાંથી ઘડો બનાવે છે, માટે કુંભારને નિમિત્ત કારણ કહેવાય. ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્ય રીતે 'ઘટ'(ઘડો) માટે ઉપાદાન કારણ (માટી) અને નિમિત્ત કારણ(કુંભાર) બંને જુદાં જુદાં જોવા મળે છે, પરંતુ જગતરૂપ કાર્ય માટે આ રીતે બંને કારણો તદ્દન એકબીજાથી પૃથક્ નથી. જગતના સ્ત્રષ્ટા પરબ્રહ્મ પોતાના સિવાયની બધી વસ્તુઓથી વિલક્ષણ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સત્યસંકલ્પ હોવાથી તેઓ એકસાથે બંને પ્રકારનાં કારણો બની શકે છે. પરબ્રહ્મ પોતે જ સંકલ્પ કરીને આ જગતનું સર્જન કરે છે. (વચ.પ્ર.૫૧, લો.૧૭, અમ.૭) તેથી તેઓ નિમિત્ત કારણ છે. વળી, ભગવાન સ્વામિનારાયણ કહે છે કે ઉત્પત્તિકાળે ભગવાન જે તે તત્ત્વરૂપે થાય છે. (વચ.પ્ર.૩૩, પં.૭) તેથી તેઓ ઉપાદાન કારણ પણ છે. જોકે પરબ્રહ્મ સ્વરૂપતઃ તો નિરંશ, અચ્યુત, નિર્વિકાર અને અખંડ છે. (પં. ૨) તેથી પરબ્રહ્મ સ્વરૂપતઃ જગત રૂપે થતા નથી. જો એમ જ હોય તો પછી પરબ્રહ્મના ઉપાદાન-કારણત્વનું તાત્પર્ય શું સમજવું ? તેમજ પરબ્રહ્મ ચોવીસ તત્ત્વો તથા જગત રૂપે થાય છે તેનું તાત્પર્ય શું સમજવું ? વસ્તુતઃ પરબ્રહ્મ પોતાના સ્વરૂપથી ચોવીસ તત્ત્વાત્મક જગત રૂપે થતા નથી પરંતુ શરીરી એવા પરબ્રહ્મથી અપૃથક્સિદ્ધ (અર્થ) અને શરીરભૂત સૂક્ષ્મ પ્રકૃતિ જ સ્થૂળ જગત રૂપે થાય છે. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતે કારણરૂપ પ્રકૃતિ અને

તેના કાર્યરૂપ જગતના શરીરી હોવાથી પરબ્રહ્મ જ જગત રૂપે થાય છે એમ કહી શકાય. તેમ છતાં પરબ્રહ્મના ચૈતન્ય સ્વરૂપમાં કોઈ પ્રકારનું પરિવર્તન કે પરિણમન થતું નથી. જેમ પંચભૂતાત્મક સ્થૂળ દેહની દૃષ્ટિએ જોતાં વ્યક્તિની બાળ, યુવા અને વૃદ્ધાવસ્થામાં જે રૂપાંતર થાય છે તે દેહમાં થાય છે, નહિ કે ત્રણેય અવસ્થામાં દેહની અંદર રહેલા શરીરી એવા જીવાત્મામાં. દેહના પરિણમનથી જીવના સ્વરૂપમાં કોઈ પ્રકારની વિકૃતિ આવતી નથી. તેમ છતાં બાળક યુવાન, વૃદ્ધ થયો એમ જે કહેવાય છે, તે જીવે શરીરના અનુસંધાનમાં કહેવામાં આવે છે. દેહની ત્રણેય અવસ્થામાં અનુસ્યૂતપણે (અર્થ) એક જ અવિકારી જીવાત્માનો અનુપ્રવેશ (અર્થ) છે. એવી જ રીતે સૃષ્ટિ કાળે પરબ્રહ્મ મહત્તત્ત્વાદિક તત્ત્વો અને જગત રૂપે થાય છે, તેનું તાત્પર્ય પણ એ જ છે કે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થતાં આ તત્ત્વોમાં એ સર્વેના આત્મા એવા જે પુરુષોત્તમ નારાયણનો અનુપ્રવેશ છે. શ્રીજીમહારાજ આ હકીકતને વચ.પ્ર.૬૩માં સમજાવતાં કહે છે, ''એવા અતિ સમર્થ જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષર રૂપે થાય છે. અને પછી મૂળ પ્રકૃતિપુરુષ રૂપે થાય છે અને પછી પ્રધાનપુરુષ રૂપે થાય છે, અને પછી પ્રધાનમાંથી થયાં જે ચોવીસ તત્ત્વો તેને વિશે પ્રવેશ કરીને તે રૂપે થાય છે, અને પછી તે તત્ત્વે કરીને સરજાણા જે વિરાટપુરુષ તેને વિશે પ્રવેશ કરીને તે રૂપે થાય છે. અને પછી બ્રહ્મા, વિષ્ણુ, શિવમાં પ્રવેશ કરીને તે તે રૂપે થાય છે.'' ઉપરોક્ત સંદર્ભનું તાત્પર્ય એવું છે કે વસ્તુતઃ તો જડ પ્રકૃતિ જ જે તે થાય છે, પરંતુ તે પ્રકૃતિ અને પ્રકૃતિના કાર્યરૂપ સર્વે તત્ત્વોના શરીરી પુરુષોત્તમ નારાયણનો અન્વયપણે તેમાં પ્રવેશ હોવાથી પુરુષોત્તમ નારાયણ જે તે તત્ત્વ રૂપે થાય છે તેમ કહી શકાય. વસ્તુતઃ પરબ્રહ્મ સ્વરૂપતઃ જડ તત્વરૂપે થતા નથી. જેમ કરોળિયો સ્વરૂપતઃ વિકારને પામ્યા વગર પોતાના શરીરમાંથી તંતુજાળ રચે છે, તેમજ પરબ્રહ્મ પણ સ્વરૂપતઃ વિકારને પામ્યા વગર પોતાની શરીરભૂત પ્રકૃતિમાંથી આ સ્થૂળ જગત બનાવે છે. આમ, પરબ્રહ્મની શરીરભૂત પ્રકૃતિનું જ સૂક્ષ્મમાંથી સ્થૂળ રૂપાંતર થાય છે. પ્રકૃતિના આ પ્રકારના પરિણમન કે રૂપાતંરને લીધે પ્રકૃતિ અને જગતના આત્માપણે વિરાજતા પરબ્રહ્મના સ્વરૂપમાં કોઈ પ્રકારનું પરિવર્તન કે પરિણમન થતું નથી. પ્રકૃતિ કે જગતનો કોઈ વિકાર તેના શરીરી એવા પરબ્રહ્મને સ્પર્શતો નથી. આમ, પરબ્રહ્મને જગતનું ઉપાદાન કારણ જે કહેવામાં આવે છે, તે તેમનાથી અપૃથક્સિદ્ધ અને તેમની શરીરભૂત પ્રકૃતિને લીધે કહેવામાં આવે છે. જગતના સર્જનમાં નિમિત્ત અને ઉપાદાન કારણની દૃષ્ટિએ વિચારીએ તો બંને પરબ્રહ્મ જ છે. પરબ્રહ્મ જ પોતાનાથી અપૃથક્ અને શરીરભૂત પ્રકૃતિની અંદર-બહાર વ્યાપીને તેના આત્મા બનીને સ્વસંકલ્પમાત્રથી જ પ્રકૃતિને જગત રૂપે પરિણમિત કરે છે. એટલે કે પોતાના અંગ(શરીર)ભૂત પ્રકૃતિમાંથી જગત બનાવે છે. (વચ.લો.૨) આ રીતે જગતનું નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ પરબ્રહ્મ હોવાથી તેમને જગતના 'અભિન્નનિમિત્તોપાદાન કારણ' કહેવામાં આવે છે. **અથવા**

૪. **મુક્તિ મીમાંસા : બંધનનું સ્વરૂપ (૧૫૧)** જીવ સ્વરૂપ સ્વભાવે કરીને શુદ્ધ (વચ.સા.૧, લો.૧૦) નિર્વિકાર (વચ.પ્ર.૬૪, લો.૧૦), માયિક ઉપાધિથી રહિત (વચ.સા.૯, મ.૫૭), ગુણાતીત (વચ.સા. ૯), બ્રહ્મ-બ્રહ્મરૂપ (વચ.પ્ર.૭૭, લો.૧૦, મ.૮) હોવા છતાં અનાદિ કાળથી જીવને અજ્ઞાન-માયા-અવિદ્યારૂપ કારણ દેહ વળગેલા છે. (વચ.સા.૧૧, કા.૧૨) જીવના બંધનનું મૂળ કારણ જ આ અજ્ઞાનરૂપ કારણ દેહ છે. તે વાસ્તવિક હોવાથી જીવનું બંધન પણ વાસ્તવિક છે. વસ્તુતઃ તો જીવ સ્વરૂપ સ્વભાવે કરીને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહથી પૃથક્ અને નિર્લેપ જ રહે છે. તેમ છતાં જીવ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ દેહના ભાવો, વિકારો, સ્વભાવોને પોતે અજ્ઞાને કરીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં માની લે છે. આ અજ્ઞાન એટલે પોતાના શુદ્ધ સચ્ચિદાનંદમય સ્વરૂપનું જ્ઞાન ન હોવું તે. (વચ.પ્ર.૨૦) આ રીતે જીવને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી પોતાની સાથે વળગેલા કારણ દેહાદિકના ભાવ સાથે તાદાત્મ્ય થવાથી તેને જ પોતાનું રૂપ માની લે છે. (વચ.પ્ર.૪૪, મ.૨) 'દેહને પોતાનું રૂપ માનવું' અર્થાત્ દેહાભિમાન જ સર્વપ્રકારના દોષોનું કારણ છે. (વચ.લો.૬) અને આ, 'દેહને વિશે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ એ જ માયા છે. (વચ.અં.૩૯) જીવ જ્યારે આ પ્રકારે અહંમમત્વથી યુક્ત થઈને કોઈ પણ કાર્ય કરે છે, ત્યારે તે કર્મના સંસ્કારો જીવ સાથે ચોંટે છે અને તે કર્મ પરિપકવ અવસ્થાને પામીને લોઢામાં અગ્નિની જેમ જીવ સાથે એકરસ થઈ જાય છે. આ જ જીવની વાસના, પ્રકૃતિ કે સ્વભાવ છે. (વચ.અં.૨૦) પંચવિષય પ્રત્યેની આ વાસના જ જીવ માટે જન્મ-મરણનું નિમિત્ત બને છે. (વચ.અમ.૩) અજ્ઞાનમૂલક વાસનાને લીધે જ જીવ આ લખચોરાશીમાં ભટકે છે અને અનંત પ્રકારનાં દુઃખ કે ક્લેશને પામે છે. જ્યાં સુધી જીવ સાથે વળગેલી મૂળ માયા દૂર ન થાય, ત્યાં સુધી આ અનાદિથી અનંત કાળ સુધી ચાલતા સૃષ્ટિપ્રવાહમાં જીવને અનંતવાર જન્મવું-મરવું પડે છે, સૃષ્ટિ કાળે માયામાંથી ઉદય થઈ આવે છે. (વચ.અં.૧૦) અને પ્રલય કાળે પાછા માયામાં પોતપોતાના કારણ દેહ યુક્ત થકા લીન થાય છે. (વચ.પ્ર.૧૨) જીવનું આ જ બંધન છે.

પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૦)

> **નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **શ્રીજીમહારાજ સર્વોપરી - પ્રાગટ્યનું વિશિષ્ટ પ્રયોજન (૫૯-૬૧)** પૂર્વેના સર્વે અવતારો અસુરોના સંહારાદિક કોઈ ને કોઈ કાર્ય-નિમિત્તે થયા હતા. પરંતુ મહારાજનું પ્રાગટ્ય તો અનંત જીવોની અનાદિ અવિદ્યા ટાળી, તેમને બ્રહ્મરૂપ કરી, તેમનું આત્યંતિક કલ્યાણ કરવા માટે થયું હતું. તેઓ પોતે જ પોતાના પ્રાકટ્યનો હેતુ સ્પષ્ટ કરતાં જૂના ખરડામાં કહે છે, ''દૂસરા અવતાર હૈ સો કાર્ય-કારણ અવતાર હુઆ હૈ, ઔર મેરા યહ અવતાર હૈ સૌ તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હું.'' (આત્યંતિક કલ્યાણ :પૃ.૭૬) વળી, તેમણે પરમહંસો અને હરિભક્તોને લખેલા એક પત્રમાં પોતાના પ્રાગટ્યનું પ્રયોજન જણાવતાં લખ્યું છે, ''કલ્યાનકે કરને વાસ્તે મેરા અવતાર હૈ. આજ તો મૈં અવિદ્યારૂપ જો માયા હૈ, તિસકે નાશકે વાસતે પ્રગટ હુઆ હૂં. આજ તો મેરા પ્રયોજન એહિ હૈ. જ્યોં અવિદ્યાકું નાશ કરના, જીવકું બ્રહ્મરૂપ કરના. ઈસ પ્રયોજન વાસ્તે મેં પ્રગટ હુવા હૂં. જીવુંકે મુક્તિ દેનેકે વાસ્તે, મનુષ્ય એસા બન્યા હૂં.'' (શ્રીજીના પ્રસાદીના પત્રો, પત્રનં-૭) બંને સંદર્ભોમાં, મહારાજે પોતે જ જણાવેલો પોતાના પ્રાગટ્યનો અસાધારણ હેતુ જ એમને સર્વોપરી સિદ્ધ કરવા માટે સક્ષમ છે. શ્રીજીમહારાજ એક વખત કારિયાણીમાં બિરાજમાન હતા. ત્યારે વડોદરાથી આવેલા ગોપાળાનંદ સ્વામીને અક્ષરઓરડીમાં બોલાવીને પોતાના પ્રાગટ્યનો હેતુ સમજાવ્યો. આ પ્રસંગની નોંધ સદ્. નિર્ગુણદાસ સ્વામીએ પોતાની વાતોમાં તથા સદ્. ઋગ્નાથચરણદાસ સ્વામીએ 'શ્રીહરિચરિત્ર-ચિંતામણિ' ગ્રંથમાં પણ કરેલી છે. ''પછી મહારાજે કહ્યું, 'સ્વામી, આપણે અહીં આવ્યા તેનું કારણ તમે જાણો છો ?' ગોપાળાનંદ સ્વામીએ ના પાડી. મહારાજ બોલ્યા જે, 'અક્ષરાધિપતિ સ્વયં શ્રીપુરુષોત્તમ જે અમે તે સર્વ અક્ષરમુક્ત આગળ એમ બોલ્યા કે આ બ્રહ્માંડ ઘણા કાળથી સર્જાયું છે. છતાં કોઈ જીવ મુક્ત થઈને અક્ષરધામમાં કેમ આવતો નથી ? એમ કહીને અમે શ્રીવૈકુંઠનાથને આજ્ઞા કરી કે તમે આ બ્રહ્માંડમાં અવતાર લઈને એકાંતિકધર્મ પ્રવર્તાવીને જીવોને મુક્ત કરી અક્ષરધામમાં મોકલો. એટલે તે વૈકુંઠનાથ ભગવાન પૃથ્વી પર અવતાર લઈને, ત્રેતાયુગમાં મનુષ્યનું આયુષ્ય દશ હજાર વર્ષ, પણ પોતે અગિયાર હજાર વર્ષનું આયુષ્ય ભોગવી પૃથ્વી પર રહ્યા, તોપણ એકાંતિકધર્મને પ્રવર્તાવી શક્યા નહિ. ત્યારે ગોલોકાધિપતિને, કલિયુગમાં શતવર્ષનું આયુષ્ય, પણ તે સવાસો વર્ષ પૃથ્વી પર રહ્યા, તોપણ એકાંતિકધર્મ પ્રવર્તાવી શક્યા નહિ. પછી તમે બોલ્યા કે હે મહારાજ ! જે જે ધામના અધિપતિ પૃથ્વી ઉપર પધાર્યા. તેમની જેમણે જેમણે ઉપાસના કરી, તેને તે તે ધામના અધિપતિ પોતપોતાના ધામમાં લઈ જાય છે એટલે તેઓ અક્ષરધામમાં આવતા નથી. એટલે સ્વયં અક્ષરાધિપતિ તમે જો પૃથ્વી ઉપર પધારો તો તમને ભજીભજીને અને તમારી ઉપાસના કરીને તેઓ અક્ષરધામમાં આવે. એટલે તમારા જેવા અક્ષરમુક્તને સાથે લઈને અમે અહીં આવ્યા છીએ. (વાત : ૯૫) આ પ્રસંગે મહારાજે પોતાના પ્રાગટ્યના જે છ હેતુ દર્શાવેલા, તેની નોંધ પણ 'શ્રીહરિચરિત્રચિંતામણિ'ની ઉપરોક્ત વાર્તામાં તથા સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં કરવામાં આવી છે. આ છ હેતુઓ આ પ્રમાણે છે. (૧) અમારા સ્વરૂપનું સર્વોપરી જ્ઞાન તથા અમારા સ્વરૂપની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવી મનુષ્યોને અમારા મુક્તોની પંક્તિમાં ભેળવવા. (૨) પૂર્વે થઈ ગયેલા અવતારો ને તથા અવતારોના ભક્તોને આ પૃથ્વી ઉપર મનુષ્યરૂપ ધરાવીને અમારી ઉપાસના અને અમારા સ્વરૂપનો બોધ કરાવીને ઠેઠ અક્ષરધામમાં પહોંચાડવા. (૩) ભક્તિદેવી અને ધર્મદેવને અસુરોના ત્રાસમાંથી મુક્તિ અપાવી અમારી મૂર્તિનું સુખ આપવું. (૪) ઘણા કાળથી લુપ્ત થયેલો (ભુલાયેલો), ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય-યુક્ત ભક્તિવાળો એકાંતિકધર્મ પ્રવર્તાવવો. (૫) અનંત કાળથી ભજન-ભક્તિ કરતા અનેક તપસ્વી-યોગીઓને દર્શન દઈ તપનું-ભક્તિનું ફળ આપવું, અને ભગવાનને વિશે પ્રીતિવાળા મુમુક્ષુઓના મનોરથ પૂર્ણ કરવા, અને તેમને લાડ લડાવવા. (૬) આ પૃથ્વી પર એકાંતિકધર્મના ધારક સાધુઓ, ઉપાસના માટે શિખરબદ્ધ મોટાં મંદિરો તથા અમારાં લીલાચરિત્ર, સ્વધર્મજ્ઞાને યુક્ત શાસ્ત્રો કરવાં અને પરાત્પર વિહદ એવું જે અક્ષરધામ તેને પમાડવાને અર્થે પરમ એકાંતિક સંતો દ્વારા આત્યંતિક કલ્યાણનો મોક્ષમાર્ગ આ બ્રહ્માંડમાં સદાય ઊભો રાખવો. શ્રીજીમહારાજના પ્રાગટ્યના આ છ હેતુઓમાં એમનું સર્વોપરીપણું સ્પષ્ટપણે જણાય છે.

૨. **વિભિન્ન પ્રકારના શ્રોતાઓ (૭૪-૭૭)** શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપ વિષયક જ્યારે જ્યારે વાતો કરી છે, ત્યારે ત્યારે શ્રોતાઓની વિભિન્ન પાત્રતાનો વિચાર રાખ્યો છે. પાત્રતા વિનાનું જ્ઞાન હંમેશાં વિપરિત અસર કરે છે. 'કીડીને કણ અને હાથીને મણ', એમ પાત્રતા પ્રમાણે આહાર અપાય તો તેને સુખ આવે. કીડી ઉપર લાડુ મૂકે, તો કીડી ચગદાઈ જાય અને તેને લાડુના સ્વાદનું સુખ ન આવે, તેવી રીતે પરોક્ષ ઉપાસના-પ્રિય મુમુક્ષુઓને પ્રત્યક્ષ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન તેના અધિકારી થતાં પહેલાં આપવામાં આવે, તો બુદ્ધિભેદ ઉત્પન્ન થતાં સંશયવાન થઈને ઉભયભ્રષ્ટ થાય છે. મુમુક્ષુની જેમ જેમ સૂક્ષ્મ દૃષ્ટિ થતી જાય છે અને પ્રત્યક્ષ ભગવાન તથા તેમના સાક્ષાત્કારને પામેલા સત્પુરુષનું માહાત્મ્ય યથાર્થ સમજાતું જાય છે, તેમ તેમ તેની પાત્રતા વધતી જાય છે. જેમ જેમ તેની પાત્રતા વધતી જાય છે, તેમ તેમ પ્રત્યક્ષ પરમાત્મા સ્વરૂપનો નિશ્ચય પણ ક્રમશઃ વધતો જાય છે. તેથી જે મુમુક્ષુની જેવી સ્થિતિ અને પાત્રતા હોય તે પ્રમાણે મહારાજે વાતો કરી છે. શ્રીજીમહારાજ પ્રેમી ભક્તોના ભાવો પૂરા કરીને તેમને સુખ આપવા માટે ગઢડાથી સારંગપુર, કારિયાણી, પંચાળા, લોયા, વરતાલ, અમદાવાદ, જેતલપુર, અશ્લાલી, વડોદરા, સુરત, જૂનાગઢ, કચ્છ-ભુજ વગેરે અનેક ગામડાંઓમાં કે શહેરોમાં અવારનવાર જતા. જ્યાં જ્યાં મહારાજ જતા, ત્યાં ત્યાં પોતાના આશ્રિત સંતો-ભક્તોની સાથે સાથે બીજા મુમુક્ષુઓ પણ મહારાજના દિવ્ય વ્યક્તિત્વથી આકર્ષાઈને તેમનાં દર્શન-સમાગમનો લાભ લેવા આવતા. તેથી જુદા જુદા સમયે જુદા જુદા દેવો-અવતારોને વિશે શ્રદ્ધા ધરાવનારા મુમુક્ષુઓ સભામાં બેઠા હોય તે સ્વાભાવિક છે. તેથી જે તે વખતે જે તે મુમુક્ષુઓની પાત્રતા ધ્યાનમાં રાખીને, તેમને પચ પડે તે રીતે અને સૌને પ્રેરણા મળે તે રીતે મહારાજે સૌને મળતી આવે તેવી સર્વસામાન્ય વાતો કરી હોય તે સ્વાભાવિક છે. સૌ કોઈને અગમ્ય અધ્યાત્મસાધનાનો આદર્શ મળી રહે, સાધના કેવી રીતે કરવી જોઈએ તેની ઉચ્ચત્તમ પ્રેરણા સૌને મળી રહે તે માટે ક્યારેક મહારાજે પોતે એક આદર્શ સાધક હોય એ રીતે પોતાની સાધનાની પણ વાતો કરી છે. આદર્શ એકાંતિક ભક્ત, આદર્શ સાધુ કે આદર્શ ઉપાસક કેવો હોય, તે સૌને સમજાવવા માટે પોતે જ એવા એક આદર્શ સાધુ, એકાંતિક ભક્ત કે ઉપાસક છે, એવી વાતો કરી છે. ક્યારેક મહારાજે પોતાની વાતોમાં અન્ય અવતારોના મહિમાની વાતો કરીને, જે તે અવતાર આજે 'પ્રત્યક્ષ પ્રમાણ છે', 'પ્રગટ પ્રમાણ છે', 'સૌના નયનગોચર છે', 'આ સભામાં વિરાજમાન છે', એવા શબ્દો વાપરીને પોતાના સ્વરૂપનો નિર્દેશ પણ સાથે સાથે કરી દીધો છે. જેથી જે તે અવતારના ઉપાસકોને એમ સમજાય કે આપણા ઈષ્ટદેવ જ આજે આ મહારાજ રૂપે પ્રગટ છે, એમ માનીને સૌને પોતાને વિશે હેત થયા પછી ધીરે ધીરે સાચી વાત સમજાશે, એવો કરુણાસભર વિશાળ દૃષ્ટિકોણ મહારાજે પોતાના ઉપદેશોમાં રાખ્યો છે. મહારાજે ક્યારેક કોઈ અવતારોનું કે એમના ભક્તોનું ખંડન કર્યું નથી, પરંતુ તેમના જીવન અને કાર્યોનો મહિમા પોતાના ઉપદેશમાં વણી લીધો છે. તેથી જ પરોક્ષ-ભક્તોને પણ મહારાજને વિશે હેત થતું. તેઓ મહારાજની સમીપે અવાર-નવાર આવતા, અને અંતે તેમને ધીરે ધીરે મહારાજનો અસાધારણ પ્રતાપ અનુભવીને મહારાજના ભગવાનપણાનો નિશ્ચય પણ થતો. મહારાજની આવી કરુણાસભર વાતોને લીધે તેમની હયાતી દરમ્યાન લાખો મુમુક્ષુઓ તેમના આશ્રિત થયા. તેમને ભગવાન માનીને ભક્તિ-ઉપાસના કરતા થયા, એમ છતાં એ તો હકીકત છે કે એ જ વખતે સૌને મહારાજના સર્વોપરીપણાનો નિશ્ચય નહિ થયો હોય. શક્ય છે કે ધીમે ધીમે અવો સર્વોપરીપણાનો નિશ્ચય તો મહારાજની કે એકાંતિક સંતો-ભક્તોની વાતો સાંભળીને વર્ષો પછી, અંત વખતે અથવા તો જન્માંતરે પણ થયો હોય. એક વખત મહારાજને આશરે આવ્યા અને રહ્યા, તો અંતે તો એમની કૃપાથી આવો નિશ્ચય થયો હશે, પરંતુ મહારાજે મુમુક્ષુઓની પાત્રતા અને તેમના અધિકારભેદ જોયા વગર સૌને પોતાના સર્વોપરીપણાની જ વાતો કરી હોત, તો કદાચ આવો સમાસ ન પણ થયો હોત. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી એમની વાતોમાં સમજાવે છે, ''જેમ છે તેમ ઓળખાવે તો સમાસ ન થાય, ઊલટો અસમાસ થાય, ને મહારાજે જેમ છે તેમ વાતું કરી તેથી સૌ માણસ વર્તમાનમાંથી પડી ગયાં. પછી મહારાજે કેટલાક વચનામૃત ખોટાં કરી નાંખ્યાં ને કહે જે, ''એકે વચનામૃત રાખવું નથી.' પછી નિત્યાનંદ સ્વામીએ પ્રાર્થના કરીને કહ્યું જે, ''ધર્મામૃતમાં તથા શાસ્ત્રમાં મળતું આવે એમ શોધીને લખશું.' ત્યારે આટલાં રહેવા દીધાં, માટે જેમ છે તેમ સમજાવે તો સમાસ ન થાય, માટે એમ સમજવું જે, મહારાજે કર્યું તે આપણું સારું થાય એમ કર્યું છે.'' (સ્વા.વા. ૫/૨૩૭) આમ, જીવોની એકસમાન ઉત્કૃષ્ટ પાત્રતાને અભાવે પોતાના સર્વોપરી સ્વરૂપ વિશે સર્વત્ર અને સદૈવ એકસરખી સ્પષ્ટ વાતો ન કરવામાં પણ મહારાજના કરુણાથી છલકાતા હેતાળ હૈયામાં તો અનંત જીવોના કલ્યાણનો શુભ હેતુ જ હતો. શ્રીજીમહારાજની આ પ્રકારની કલ્યાણમયી ભાવનાને વ્યક્ત અને સ્પષ્ટ કરતા એક પ્રસંગની નોંધ સદ્. નિર્ગુણદાસ સ્વામીએ એમની વાતોમાં આ પ્રમાણે કરેલી છે : કોઈ સમયે ગઢપુરમાં અક્ષરઓરડીમાં મહારાજ

પાસે આવીને બ્રહ્માનંદ સ્વામી મહારાજનાં ચરણારવિંદમાં મસ્તક મૂકીને રુદન કરવા લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા, 'સ્વામી ! કેમ રડો છો ?' ત્યારે સ્વામી બોલ્યા કે સાક્ષાત્ અક્ષરધામના પતિ તમોને સંતાડીને ગાવા પડે છે તેનું અંતરમાં અમને બહુ દુઃખ થાય છે. મહારાજ બોલ્યા કે સ્વામી, આપણે તો અનેક જીવનાં કલ્યાણ કરવા સારુ આવ્યા છીએ, તે જેમ સમાસ થાય અને અનેક જીવનાં કલ્યાણ થાય એમ ગાવું, અને જેમ છે તેમ યથાર્થ સમજવું. (વાત : ૩૭૩) આ પ્રસંગ પરથી આપણને ખ્યાલ આવે છે કે મહારાજે સૌના કલ્યાણ માટે જ, તેમને સમાસ થાય અને અવળું ન પડે તે માટે, જ્યાં જેવા સંજોગો, ત્યાં તેવા પ્રકારની વાતો કરેલી છે. વળી, આ પ્રસંગ પરથી એવું પણ જણાય છે કે કેટલાક પરમહંસો શ્રીજીમહારાજને સર્વોપરી સમજતા હતા, તેમ છતાં સૌને સમાસ થાય તે રીતે વાતો કરતા, તેમ જ તેમણે પોતાનાં કીર્તનો કે ગ્રંથોમાં પણ મહારાજના સ્વરૂપ વિશે વિભિન્ન પ્રકારની વાતો નોંધી છે. તેમ છતાં ઉપરોક્ત પ્રસંગમાં શ્રીજીમહારાજના કહેવા પ્રમાણે પોતાના આત્યંતિક કલ્યાણ માટે તો જેમ છે તેમ યથાર્થ સમજવું જરૂરી છે. એટલા માટે જ ભલે મહારાજે બહુધા તો સભામાં સર્વ-સામાન્ય સર્વને પચે એવી વાતો કરી હોય, તેમ છતાં સર્વોપરી વાતોને પચાવી શકે તેવા યોગ્ય આશ્રિતોને તો પ્રસંગોપાત્ત એકાંતમાં વ્યક્તિગત કે સમૂહમાં પોતાના સર્વોપરીપણાની સ્પષ્ટ વાતો અનેકાનેકવાર અપરંપાર કરી છે. મહારાજે પોતાના સર્વોપરીપણા વિશે પ્રસંગોપાત્ત કરેલ આવી વાતો આપણને વચનામૃત ઉપરાંત સંપ્રદાયના અન્ય સુપ્રસિદ્ધ ગ્રંથોમાં પણ જોવા મળે છે.

વિભાગ : ૨ 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ નવી આવૃત્તિના આધારે

નોંધ :-(૧) પ્રશ્ન : ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.

પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)

નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.

૧. આદર્શ સાધક - ભગતજી મહારાજ

આદર્શ સાધકનાં લક્ષણો : (૧) ગુરુની અનુવૃત્તિ પાળવી. (૨) તપ કરી દેહનું દમન. (૩) આજ્ઞા અને સેવા.

૧. અનુવૃત્તિના પાલક : (૧) (૧) બસો પાવડાને ૫૦૦ ટોપલા તૈયાર રાખજે (૨) ગિરનારને બોલાવી લાવ. (૩) ભેખનું તે ભાંગી પડ્યું. (૪) ભઠ્ઠી ભર્યાની વાત. ૫૦-૫૩

(૨) (૧) વરસાદ પડ્યો ત્યારે બે ચાદરો સાંધીને ચોફાળ બનાવ્યો. સ્વામીને બેસાડ્યા. (૨) વાળંદનો કસબ (૩) મંદિરમાં દરજીની, વાળંદની બધી ક્રિયા સ્વામીને રાજી રાખવા માટે કરી. ૫૫-૫૬

(૩) (૧) સ્વામી લઘુ કરવા ઊઠ્યા - અંધારું - ફાળિયું ફાડીને મશાલે વીંટીને દીવો બનાવ્યો. (૨) સ્વામીની બધી ક્રિયા પોતે ઉપાડીને સ્વામીને કથાવાર્તા માટે વિનંતી. (૩) મરેલું કૂતરું ઉપાડ્યું. ૫૭-૫૮

(૪) (૧) એંઠવાડની કૂંડીમાં અડસઠ તીર્થ. (૨) આંબાને પાણી પાયું. ૬૦, ૬૬

૨. સેવા તથા આજ્ઞા : ગુરુની આજ્ઞામાં ટૂક ટૂક ગમે તેટલી અઘરી આજ્ઞાનું પાલન, અઘરી સેવા.

મનથી સેવા : દરેકમાં નિર્દોષ બુદ્ધિ બાર મણ ચૂનાના કોથળા ફેંકે છતાં કોઈ ફરિયાદ નહિ. - માન અપમાન વેઠી મહિમાએ સહિત નિષ્કામ ભાવે સેવા. - નિષ્કામ ભાવે સેવા - ગાંગડાની પ્રસાદી મળી છતાં નિર્દોષ બુદ્ધિ. ૪૮, ૭૬

કર્મથી સેવા : ૧. ચંદની સીવવાની સેવા. - નવી હવેલીના કામમાં જોડાઈ ગયા. ૪૭-૪૮

૨. ચૂનાની ભઠ્ઠી - સ્વામી પર દેહ કુરબાન. ૪૮-૪૯

વચને સેવા : ૧. ગુરુનો મહિમા, સ્વામી અક્ષર છે તે સૌને જણાવે. ૩૨-૩૩

૨. તપ કરીને દેહનું દમન, સેવા કરે, આજ્ઞા પાળે છતાં તપ વગર દેહનું બળ ઘટે નહિ. તેથી બે દિવસ ઉપવાસ, ત્રીજે દિવસે એક વખત જમવું..... ૪૯-૫૦

૩. દેહ ઇન્દ્રિયોના ચૂરે ચૂરા કરી ગુરુને વશ કર્યા તેથી બ્રહ્મનો સાક્ષાત્કાર - શ્રીજીમહારાજે સ્વયં દર્શન દીધાં - સિદ્ધ દશાને પામી ગયા. આમ, આદર્શ સાધક પ્રાગજી ભક્ત બન્યા, સાધુનો કસબ શીખ્યા. ૭૯-૮૨

૨. ભગતજીના સંતોની સહનશક્તિ

૧. ભગતજીની આગાહી - આ વખતે તમને ખરેખરું દુઃખ આવનાર છે, માટે નિર્માની થઈ, ધીરજ રાખી ખમી રહેજો. જેમ કહે તેમ હા પાડજો. - ગમે તે કષ્ટ આવે તેથી સહનશક્તિ માટેની પૂર્વભૂમિકા. ૨૩૬

૨. 'શ્યામ બીન કૈસી બીતી દિન રતિયા !' વરતાલમાં સાધુઓની માફી માંગી. સંતો વળી પાછા નડિયાદ ભગતજીનો સમાગમ કરવા. ૨૩૯

૩. ભગતજીનો મહિમા વર્ણવતાં મોતીભાઈના કાગળોની અસર મહાપુરુષદાસ, વિજ્ઞાનદાસજી, કેશવપ્રસાદદાસજી, યજ્ઞપુરુષદાસજી, નારાયણચરણદાસજી, પુરુષોત્તમદાસજી એમ ૧૨ જણાને સત્સંગ બહાર કર્યા. ૨૪૧-૨૪૨

૪. ભાદરણના પુરુષોત્તમભાઈ, નારના ઝવેરભાઈ વગેરે ભગતજીની આજ્ઞાથી આચાર્ય મહારાજને મળ્યા પણ પ્રયત્ન નિષ્ફળ ગયો. સંતોને પાછા રાખવા માટેનો પ્રયત્ન નિષ્ફળ. ૨૪૩

૫. આટલા દુઃખો વચ્ચે સંતમંડળ મહુવામાં. - ભગતજીનો ઠપકો છતાં સૌ ભગતજીની પાછળ. ૨૪૪-૨૪૫

૬. ગોપનાથના મંદિરમાં ઉતારો. વારાફરતી બે બે સાધુઓ સમાગમ માટે આવતા. ૨૪૬

૭. ફૂલચંદભાઈનો સંતોને પ્રશ્ન : તમે તેમના માટે આખો સત્સંગ મૂક્યો તો તે તમને કૂવામાં ન ઉતારે. એમ તેમનો વિશ્વાસ કર્યો છે માટે વચનામૃતની સાખે તમે એમના વિષે જે ઠરાવ કર્યા હોય તે અમને સમજાવો. ૨૪૮

૮. આજે દોષ નડે છે પણ આ સંગમાં કંઈ રહેવાનું નથી. સાધુ પુરુષોત્તમદાસને ભગતજીનું આશ્વાસન. ૨૫૬

૯. વરતાલ સમૈયામાં સંતોને ધોળા પહેરાવી ભેગા કરવાનો ઠરાવ થયો. જેનો ભગતજીના પ્રતિષ્ઠિત હરિભક્તોએ કરેલો વિરોધ. ૨૫૭

૧૦. કોઈ રીતે બહાર રહીને પણ ભગતજીનો યોગ રહેતો હોય તો અંદર ભળવું નહિ. - સાધુ વિજ્ઞાનદાસનો ઠરાવ - હરિભક્તો સાથે સંતમંડળ ફરીથી મહુવા. ૨૫૭-૨૫૮

૧૧. 'અમે તો બહાર નીકળ્યા તો પણ અમારી ભેગા તમે રહેતા નથી, તો વરતાલ ગયા પછી તો ભેગા રહેવાની આશા જ શી ?' - યજ્ઞપુરુષદાસજી - ભગતજીને વરતાલ જવાની આજ્ઞા કરી ત્યારે. ૨૮૯

૧૨. વિજ્ઞાનદાસની છપૈયા બદલી - ભગતજી સાથે એક માસ રહેવાની માગણી. ૩૧૫

૧૩. હું તો તમારે વિશ્વાસે અહીં બેસી રહ્યો છું અને મને વાંસદા આવવાની ના પાડી છે માટે આપ વડોદરા પધારો નહિ તો હું નડિયાદ આવીશ. - યજ્ઞપુરુષદાસ. ૩૨૮

૩. ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ વચ્ચેનો સંબંધ

૧. જ્ઞાનીને તો અનંત લોચન હોય છે. (ભગતજીના યોગમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી) ૧૯૨

૨. નીડર અને સત્યવક્તા :- ટાંકુ અભડાવ્યાની વાત ખોટી છે. - વિજ્ઞાનદાસજીનો પક્ષ રાખ્યો. ભગતજીનો રાજીપો. ૧૯૫

૩. એ તો મારો કોડીલો લાલ છે. ૧૯૬-૧૯૭

૪. 'તમે જેમ રાજી થાઓ તેમ કરવું છે.' - રામરતનદાસને જોડ આપવાની વાત - ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ - ભગતજી મહારાજ. ૧૯૭-૧૯૮

૫. ઓત્તારો ભલો થાય યજ્ઞપુરુષદાસ - યજ્ઞપુરુષદાસજીએ મોકલાવેલ તુંબડી તથા હારથી ખૂબ રાજીપો બતાવ્યો. ૨૦૬-૨૦૭

૬. 'આ પ્રાગજી ભક્તમાં તમે શું દીઠું છે.' - મહુવાના હરિભક્તોને સમજાવ્યું. ૨૪૮-૨૫૧

૭. ભગતજીનું ગુણાષ્ટક બનાવ્યું. ૨૫૯

૮. વિજ્ઞાનદાસજીના નાના સાધુ - યજ્ઞપુરુષદાસજીને મંડળધારી બનાવ્યા. ૨૬૭

૯. તલગાજરડા ગામના પટેલ ભગતજીનો ગુણ આવે એવી વાત કરી ભગતજીનો મહિમા સમજાવ્યો. ૨૭૪

૧૦. ભગતજીને ચંદન અર્ચા કરી મળ્યા. ૨૮૧

૧૧. ભગતજીને સાકરની પૂરણપોળી અને દૂધપાક જાતે બનાવી જમાડ્યા. ૨૮૯

૧૨. યજ્ઞપુરુષદાસ ઠાકરિયો વીંછી. ૨૯૬

૧૩. રંગાચાર્ય દર્શને આવે છે. વિદ્યાગુરુ રંગાચાર્યને ભગતજીનો મહિમા સમજાવ્યો. ૩૦૬

૧૪. ભગતજીનું જીવનચરિત્ર સંવત ૧૯૨૦ની સાલ સુધીનું લખ્યું. ૩૧૨

૧૫. વાંસદાના દીવાનને ભગતજીનો મહિમા સમજાવ્યો. ૩૧૫-૩૧૬

૧૬. શંકરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવનાર કૃષ્ણસ્વરૂપદાસજી સાધુને 'આજે સર્વપ્રકારે શ્રીજીમહારાજ ભગતજી દ્વારા પ્રગટ છે. માટે એમનો જોગ કલ્યાણને માટે કરવો.' - એવું સમજાવ્યું. ૩૬૪
૧૭. કૃષ્ણસ્વરૂપદાસના ઉદ્‌ગારો 'ભગતજી ઉપાસનાને દૃઢ કરાવે છે.' ૩૬૪
૧૮. મહેમદાવાદના હરિભક્તોને અમદાવાદ ભગતજીનો સમાગમ કરવા મોકલતા અને પાછા ફરે ત્યારે ભગતજીના લીલાચરિત્રો સાંભળવા તત્પરતા રાખે. ૩૬૬
૧૯. શ્રીમન્નિર્ગુણમૂર્તયે....... ભગતજીના ગુણાનુવાદના શ્લોકની રચના કરી. ૩૭૭
૨૦. યજ્ઞપુરુષદાસજીને માથે ભગતજીએ રાજી થઈને બે હાથ મૂક્યા. ૩૭૮-૩૭૯
૨૧. અમદાવાદમાં પ્રસંગમજરં....... શ્લોક પર સભામાં મુદ્દાની વાત કરી. ૩૮૦
૨૨. આચાર્ય મહારાજની આજ્ઞાથી ધર્મસ્ત્યાજ્યો ન..... શ્લોકમાંથી સત્સંગી જીવનના સિદ્ધાંતની વાત કરી. ૩૮૧-૩૮૨
૨૩. 'યજ્ઞપુરુષદાસ તો હરિભક્તોનાં અંતર ચોખ્ખા કરવાની સાવરણી છે.' - ભગતજી ૪૪૫
૨૪. 'જ્યાં અપમાન ત્યાં સન્માન' - ભગતજીને જૂનાગઢ આવવાનો આચાર્ય મહારાજનો આજ્ઞાપત્ર. ૪૫૭-૪૬૧
૨૫. 'તમોને જેમ સુખિયા રહેતાં આવડે છે, તેમ બીજા સર્વેને સુખિયા કરશો એટલે સર્વે થઈ રહ્યું.' - ભગતજીએ કરેલી આજ્ઞા. ૫૨૮
૨૬. ધામમાં ગયા પછી ભગતજીના રાજકોટમાં દર્શન અને યજ્ઞપુરુષદાસમાં અખંડ પ્રાગટ્યનો સંકેત આપ્યો. સત્પુરુષ પૃથ્વી ઉપરથી કદી જતા જ નથી. ૫૪૧

પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.
(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)

નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.

૧. વાંસદાના દિવાનને ભગતજી મહારાજે કરેલી જ્ઞાનવાર્તા

૧. શુષ્ક જ્ઞાની દિવાનજીનો પ્રશ્ન 'જીવને બ્રહ્મને વિષે સ્વામી-સેવકપણું શી રીતે રહે છે ? - જીવ અને બ્રહ્મના ભેદનું વિસ્તારથી નિરૂપણ - એક જીવના મોક્ષે કરી બધા જીવનો મોક્ષ થવો જોઈએ. તે થતો નથી. માયા પર જે નિર્ગુણ બ્રહ્મ તેને પણ જન્મ-મરણ ઠરે. આવી શુષ્ક વેદાંતની સમજણ ખોટી છે. ૩૩૩
૨. અનાદિ અજ્ઞાન તે કેમ છૂટે અને છૂટે તો અનાદિ કેમ કહેવાય ? - કારિયાણી-૧૨, આમલીના કચૂકાના છોડાના દૃષ્ટાંતે જીવ અનાદિબદ્ધ છે, અજ્ઞાનવેષ્ટિત છે. ભગવાન કે સંતના સંબંધે કરીને અજ્ઞાન ટળે છે. એટલે સ્વામી-સેવકભાવ બ્રહ્મ સાથે રહે છે. ૩૩૪
૩. ગ. પ્ર. ૩૮ પ્રમાણે 'જીવને થયેલો અતિશય દેહાધ્યાસ તે સત્પુરુષના સંબંધે કરીને ટળે છે. - ગ. પ્ર. ૩૯ પ્રમાણે દેહાદિકના ભાવ હોય ત્યાં સુધી મમત્વરૂપી અજ્ઞાન પણ સાચું હોય. 'મેરુ પર્વતથી લોકાલોક પર્વતની દૃષ્ટાંતે નિર્વિકલ્પ સમાધિવાળા જે મહામુક્ત તે જે તે જીવ, ઈશ્વર અને માયા તેને એકરૂપે કરીને જ દેખે છે. પણ પૃથક પૃથક નથી દેખતા. - જીવ, ઈશ્વર અને માયા તે સ્થિતિના ભેદ છે. નિર્વિકલ્પ સ્થિતિવાળાને મતે તે ખોટા છે. સવિકલ્પ સ્થિતિવાળાને મતે સાચા છે. - સવિકલ્પ અને નિર્વિકલ્પવાળાની વ્યાખ્યા. ૩૩૪-૩૩૫
૪. ઈયળ-ભમરીના દૃષ્ટાંતે મુક્ત પણ સત્પુરુષના સંબંધે કરીને બ્રહ્મરૂપ થઈ જાય છે. - નિર્વિકલ્પ સ્થિતિએ કરીને અખંડ મૂર્તિના સુખે સુખિયા થવું. ગ. પ્ર. ૪૦ ૩૩૫-૩૩૬
૫. ગ. પ્ર. ૪૧માં આવતી શ્રુતિ એકોડહં બહુસ્યાં પ્રજાયેય ના અર્થની સમજૂતી. ૩૩૬-૩૩૭
૬. 'ખરેખરો જે ભગવાનનો નિષ્કામ ભક્ત છે, એ ચતુર્ધા મુક્તિને ન ઈચ્છે ને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે છે.' ગ. પ્ર. ૪૩. એવા ભક્તને ભગવાન પોતાની સેવામાં રાખે છે. - પ્ર.૪૪ થી પ્ર. ૫૦ સુધીના વચનામૃત વંચાવીને બ્રહ્મનિરૂપણ કર્યું. - જીવ, ઈશ્વર, માયા આદિક સર્વે મિથ્યા છે અને વિધિ-નિષેધને ખોટા કહે છે. એ સર્વે મિથ્યાજ્ઞાની છે. પ્ર. ૪૨ ખરા જ્ઞાની જે હોય તેને મતે બ્રહ્મ અને પરબ્રહ્મ બે ભેદ રહે છે. બીજા ભેદ ટળી જાય છે. જ્યારે સવિકલ્પ સ્થિતિવાળાને ભેદ રહે છે. એટલે જીવ, ઈશ્વર, માયા એ ભેદ અનાદિના છે. - ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. ૩૩૭-૩૩૯
૭. જેને માથે શત્રુ હોય, તેને ઊંઘ આવે નહીં. ૩૪૦
૮. મનુષ્યરૂપ ભગવાનનું સ્વરૂપ નિર્ગુણ શી રીતે ? ૩૪૧-૩૪૩

૯. બ્રહ્મ અને પરબ્રહ્મમાં શો ભેદ ? - ધર્મ દૃઢ થાય ત્યારે જ્ઞાન ટકે. ૩૪૩-૩૪૯
૧૦. પોતાના સ્વરૂપનો અને પરમાત્માના સ્વરૂપનો વિચાર કેમ કરવો ? ૩૫૦-૩૫૧
૧૧. આ ડોસો પણ મહારાજ સાથે તમને દેખાશે. ધામમાં લઈ જવા માટેનો કોલ આપી દીધો. ૩૫૧

૨. ગુણાતીતાનંદ સ્વામીની શિષ્યવત્સલતા

૧. પ્રાગજી ભક્ત ભૂખ્યા હતા તો સ્વામીશ્રીને ભૂખ લાગી. ૩૦-૩૧
૨. આ પ્રાગજીને મોટા મોટા મનસૂબા છે. તેને ભારે ભારે કામ કરવાના છે. માટે એને આ જ્ઞાન લેવા દ્યો. ૩૧
૩. બાપડો રાત-દિવસ સેવા કરે છે અને તેને બીજા હરિભક્તો સાથે ગણો છો ? એ આવશે પછી જ હું પીરસીશ. - બોટાદમાં શિવલાલભાઈને ત્યાં. ૩૨
૪. ભગતજીને સ્વામીના ત્રણ વર. ૪૪
૫. સૌ ગૃહસ્થ હંમેશા જીવતાં ચામડાં ચૂંથે છે, તો એણે મોટા સાધુની મરજીથી એ કાઢી નાખ્યું તેમાં શું ખોટું કર્યું ? ૫૯
૬. ભગવાનને ભૂલીને ક્રિયા ન કરવી. - સાચો ઉપદેશ. ૬૪
૭. હું તો પથરા ઊંચકાવીશ ને ભગવાન આપીશ. ૬૫
૮. એણે મારી મરજી જાણી આટલી સેવા કરી તે તમે ના સમજ્યા ? (આંબાને પાણી પાયું તે પ્રસંગ) ૬૬
૯. કેમ પારસો ન આવે ? મારી અનુવૃત્તિ અને રાજીપા સારુ એણે દેહને ગણ્યું નથી.-સાધુના કસબનો પ્રસંગ ૭૧
૧૦. અતિ રાજીપાની પ્રસાદી. (ગોંગડાની પ્રસાદી) ૭૬
૧૧. બ્રહ્મનો સાક્ષાત્કાર - ગુણાતીત સ્વરૂપ બનાવી દીધો. ૭૯-૮૨
૧૨. આ કાંઈ થોંટબોટિયું નથી કે એમ લઈ લેવાય. આ તો પાતાળે પાયા નાખ્યા છે.' ૮૯
૧૩. તું મારો શિષ્ય છે છતાં મારી મોટપ તને કેમ રુચતી નથી ?' - ત્રિકમદાસ કોઠારીને સ્વામીશ્રી. ૯૮
૧૪. આ પ્રાગજી તમારી માફી માગે છે.' - સ્વામીશ્રી પવિત્રાનંદ સ્વામીને. ૧૦૪
૧૫. અક્ષરધામની કૂંચી પ્રાગજી ભક્તને સોંપી છે. ૧૧૬-૧૧૭
૧૬. મારા દેખતાં તારું અપમાન થાય તે મારાથી ખમાય નહિ.' - સ્વામીશ્રી. (કૃષ્ણપ્રસાદજી મહારાજ દેહ મૂકી ગયા.) ૧૧૯
૧૭. આમાં પ્રાગજીનો કાંઈ વાંક નથી. તેને હું ના કહીશ એટલે આળસી જશે.' આચાર્ય મહારાજ, કોઠારી ગોરધનભાઈ, પવિત્રાનંદ સ્વામી અને શુકમુનિને સ્વામીશ્રી. (વરતાલમાં સ્વામીના અપમાન પ્રસંગે) ૧૨૬
૧૮. આને લોકો વિમુખ કહે છે, પણ એને વિમુખ કહેનારા જ વિમુખ છે.' સ્વામીશ્રી અમદાવાદમાં. ૧૪૬
૧૯. આણે કેનો બાપ માર્યો છે ? ૧૫૩

૩. ભગતજી મહારાજ અને વિજ્ઞાનદાસ સ્વામી વચ્ચેનો સંબંધ

૧. પૂર્વાશ્રમમાં સત્પુરુષની શોધ. હરિકૃષ્ણ મહારાજે કરાવેલી ભગતજીની ઓળખ - સમાગમ - અદ્‌ભૂતાનંદ સ્વામી પાસે દીક્ષા - વિજ્ઞાનદાસજી નામ. ૧૬૩-૧૭૦
૨. ભગતજીની આજ્ઞાથી સંસ્કૃત ભણ્યા - નિઃસ્વાદી વર્તમાન - ચોવીસ કલાકે જમ્યા બાદ પાણી પીતા - શ્વાસોચ્છ્‌વાસે ભજનનો આગ્રહ અને વૈરાગ્યની પરિસીમા - કદરજના જેવું જીવન. ૧૮૪-૧૮૫
૩. ગુજરાતથી ગઢડા ખરા વરસાદમાં ચાલીને પાણી ડોળી સાઠ ગાઉ દૂરથી ભગતજીનો સમાગમ કરવા કરેલો દાખડો. ૨૦૦
૪. દેહભાન ભૂલીને ઊઘાડે શરીરે ભગતજીના દર્શને બોરીયાવી સ્ટેશને. ૨૦૭-૨૦૮
૫. ભગતજીને વિજ્ઞાનદાસજીની પ્રાર્થના :- આપના વિના રહેવાતું નથી. અમારા પ્રાણ દેહથી છૂટા પડીને આપનામાં મળી જશે. - 'અહો, આ તો સાક્ષાત્ શુકજી જેવા છે.' કહીને વિજ્ઞાનદાસજીને મળ્યાં. ૨૨૯-૨૩૦
૬. ભગતજીના મહિમાની વાતો કરવાથી ધોળાં પહેરવાનું કહ્યું. ૨૪૧
૭. મહિમાની મૂર્તિ અને ભગતજીના સ્વરૂપના ભાવને પામી ગયેલા વિજ્ઞાનદાસને ભગતજી વારંવાર સંભારતા. ૨૯૬
૮. ખાનદેશમાં ખૂબ સત્સંગ કરાવેલો. ૩૧૩-૩૧૪

પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.
(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)

નોંધ : ૩ ગુણ પ્રસંગના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.

૧. **જૂનાગઢમાં સત્સંગની જુવાની દેખાય છે. (૪૯૨) પ્રસંગ :** ભગતજી મહુવામાં ગોપાળગરની સેવા કરતા - સ્વામી પંદર જણની ગોદડી ધોતા. સેવા કરવાથી દેહ ઘસાય અને મોટાપુરુષ રાજી થાય - અંગ્રેજ સરકારે કરેલી તારની શોધ તે તો આ લોકનું કાર્ય છે. તેમાં કોઈની બુદ્ધિ પહોંચતી નથી. ત્યારે પરલોક જે ભગવાનનું ધામ અને ધામને વિષે રહી જે ભગવાનની મૂર્તિ તેને પામવામાં તો બુદ્ધિ પહોંચે જ કેમ ? પણ જે તેને સાક્ષાત્કાર પામ્યા હોય તેમાં સર્વ પ્રકારે જીવ જડી દે તો એવો બુદ્ધિયોગ આપી દે. 'આ જૂનાગઢ જે આવશે તેને ગમે તેટલા જન્મની કસર હશે તો પણ ટાળી નાખશું. ડભોઈના કરુણાશંકરે કહ્યું : 'સ્વામી ! બધે સત્સંગ ઘરડો થઈ ગયો છે અને અહીં જૂનાગઢમાં સત્સંગ જુવાન દેખાય છે તેનું શું કારણ ? ત્યારે સ્વામીએ કહ્યું : 'અહીં તો શ્રીજીમહારાજ સાક્ષાત્ વિરાજમાન છે એટલે સત્સંગની ભરજુવાની છે. ભગવાન કે મોટા સાધુની કૃપા છે તે પોતાના ભક્ત માટે જ છે.

મનન : સેવા કરવાથી દેહ ઘસાય અને દોષો જાય છે. મોટાપુરુષમાં જીવ જડી દેવાથી તે આપણે બુદ્ધિયોગ આપે છે. તેનાથી અનંત જન્મની કસર ટળે છે.

૨. **આણંદમાં પવિત્રાનંદ સ્વામીનું અપમાન (૧૭૫) પ્રસંગ :** આણંદમાં સંધ્યા આરતી સમયે મહારાજના વખતથી 'નરનારાયણ, સ્વામિનારાયણ' એવી ધૂન બોલવાની જે પ્રથા હતી, તે પ્રથા છોડીને ફક્ત 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એવી ધૂન ચાલુ કરી હતી. પવિત્રાનંદ સ્વામી જૂની પ્રથાના આગ્રહી હોવાથી તેમને આ ખટકતું અને બધા સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધૂન કરે ત્યારે પોતે નરનારાયણ સ્વામિનારાયણ એમ મોટેથી એકલા ધૂન કરે. એક દિવસ તેઓ મોટેથી બોલ્યા 'મહારાજ છતાંની જે ધૂન ચાલે છે તે પ્રથા કેમ તોડો છો ?' ત્યારે અક્ષરપુરુષદાસ ભંડારી બોલ્યા 'ઊંટ મરે છે તે પહેલાં મારવાડ સામું જુએ છે, તેમ તમે કરો છો. તે હજુ અમદાવાદની વાસના મટી નથી ?' મોટા સદ્‌ગુરુનું અપમાન થયું તેમને કોઈએ વાર્યા નહિ. આચાર્ય મહારાજે પણ કંઈ ઠપકો આપ્યો નહિ. મોટાના દ્રોહનું ફળ મહારાજ છતી દેહે જ આપે છે. પવિત્રાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીનું અપમાન કર્યું હતું. તેથી વિશેષ અપમાન સહન કરવું પડ્યું. આઘાતમાં માંદા પડ્યા. સેવકને મોટા સદ્‌ગુરુને વાતો કરવા બોલાવવા કહ્યું. સેવક પ્રાગજી ભક્તને બોલાવી લાવ્યા. ભગતજીએ પંચાળાનું ત્રીજું વચનામૃત વંચાવી વાતો કરી શાંતિ પમાડી.

મનન : ક્યારેય કોઈનો પણ દ્રોહ કરવો નહિ. કોઈ વાતનું મમત્વ ન રાખવું. સમયાંતરે બદલાતી પ્રથાઓ સ્વીકારવી જોઈએ.

૩. **કોઠારી મને વરતાલ લ્યો (૫૩૭) પ્રસંગ :** સંવત ૧૯૫૪ના કાર્તિક સુદ ૧૩ના દિવસે સૌને લાગ્યું ભગતજી હવે દેહ રાખશે નહિ. બધા ખાટલાને વીંટળાઈને બેઠા હતા. એવામાં ભગતજી બોલ્યા : કોઠારી પ્રભુદાસ ! મને વરતાલ લ્યો.' એમ ત્રણ વખત બોલી જાતે બેઠા થઈ સ્વસ્તિક આસન વાળી પ્રાણ સંકેલી સમાધિસ્થ થઈ ગયા. કોઠારી પ્રભુદાસ તથા શંકર ભગત ભગતજી પાસે જઈ નાડી જોઈ. ભગતજી ધામમાં પધારી ગયા હતા.

મનન : સત્પુરુષ પૃથ્વીનું મંગળ છે. તે ક્યારેય જતા નથી. પોતાનું પ્રાગટ્ય જતાં પહેલાં બતાવીને જ જતા હોય છે. મને વરતાલ લ્યો. એટલે કે હવે હું વરતાલમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસમાં પ્રગટ છું. એમ સંકેત આપ્યો.

૪. **કુરાનમાંના ચાર પ્રકારના પુરુષની ભગતજીએ કરેલી વાત. (૨૨૬-૨૨૮) પ્રસંગ :** કુરાનમાંના ચાર પ્રકારના પુરુષની વાતો - શરિયત, તરીકત, હકીકત અને મારફત. ચાર પ્રકારના પુરુષ અને તેના લક્ષણ - જૂતિયાં મારે તો પણ તમારે એની કેડે ફરવું.

મનન : દરેક ધર્મમાં એકાંતિક સત્પુરુષની વાત હોય છે. એકાંતિક સત્પુરુષ જ ભગવાન - ખુદાને પમાડે છે. 'શૂળી ઉપર શયન કરાવે તો ય સાધુની સંગે રહીએ રે...'

૫. **ભાદરોડમાં અલૌકિક સુખની લહાણ. (૨૬૯) પ્રસંગ :** ભાદરોડના ભદ્રેશ્વર મહાદેવના મંદિરમાં ઉતારો - અમે તો બધા ભગતજી આવશે તો જ જમીશું - વિજ્ઞાનદાસજી. - સાધુ બધા માંદા થયા છે. વાલા ભગત - ભગતજી ભાદરોડ પધાર્યા - કોઈ હેઠે આવી દંડવત કરશો નહિ - સર્વેની વૃત્તિ ભગતજીમાં જોડાઈ ગઈ - ભગતજીએ કરેલી વાતો - સાધુ તો તપ અને નિયમથી શોભે.-હવે આને બળદનો દેહ નહિ આવે - તો તો ચંદ્રમાને લાભ મળે પણ અમને શું ? - વાળંદનો અવતાર નહિ આવે - તમો જેનું અન્ન ખાશો તેનું પણ કલ્યાણ થશે, એવો તમારો મોટો મહિમા છે.

મનન : ભગવાન અને મોટા સંતની નાનામાં નાની સેવા કરવી જોઈએ. તેમના સંબંધે કરીને આપણું તો કલ્યાણ થાય સાથે સાથે આપણો જેનો પરોક્ષ કે પ્રત્યક્ષ કોઈપણ રીતે સંબંધ થાય તો તેનું પણ કલ્યાણ થઈ જાય.

પ્ર.૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ : ૮)

નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.

૧. વાઘાખાચર (સારંગપુર)

૧. વાઘા ખાચરનો સ્વામીશ્રીને દેહના ભાવ ટાળવાનો પ્રશ્ન - પ્રાગજી ભગત વાઘા ખચરની સેવામાં - 'સ્વામી મૂળ અક્ષર છે.' તેવી ભગતજીએ કરેલી વાત. ૯૧-૯૨

૨. મહુવા મંડળના હરિભક્તો અપાર આનંદમાં - પ્રાગજી ભક્તના વચનમાં વિશ્વાસ લાવવાનું દામા શેઠનું સૂચન - સ્વામી પંડે કહે તો માનું - 'જેમ પ્રાગજી કહે છે તેમજ છે.' - સ્વામીશ્રી ૯૪-૯૫

૩. વાઘા ખાચરને નિરાવરણ દૃષ્ટિ - મંદિરની સેવામાં. ૯૫

વ્યક્તિત્વ : પોતાના દોષો ઓળખીને સત્પુરુષ આગળ નિષ્કપટ થઈ દોષો ટાળવાના સ્વભાવવાળા. વાતના મૂળ સુધી જઈને સત્પુરુષની સાક્ષી લઈને જ માનવાવાળા. સાચી વાત સમજાઈ જાય પછી તે અનુસરવાવાળા

૨. પીજના જેઠાભાઈ

૧. મૂળજીભાઈ પાસે સતત ચાર દિવસ ભગતજીના મહિમાની વાતો સાંભળી પીજથી વડોદરા ગયા. - વડોદરામાં ગોવિંદભાઈ પાસે વચનામૃત દ્વારા સત્પુરુષનો મહિમા અને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય, ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદનો મહિમા ભગતજી એકાંતિક સત્પુરુષ છે તેવી દૃઢતા થઈ ૩૧૭-૩૧૮

૨. પીજના મંદિરમાં વરતાલ પક્ષના સાધુઓ બેઠા હતા ત્યાં ભગતજીના દર્શન - ડભાણની મહોબત મુકાઈ ૩૧૯

૩. ગણપતરામને લઈને મહુવા જતાં દરિયામાં આવેલા તોફાન સમયે જેઠાભાઈએ ભગતજીને કરેલી સ્તુતિ. ૪૦૬

૪. પંદર દિવસ પછી ફરી ભગતજીના સમાગમ માટે પીજના હરિભક્તો સાથે મહુવા ગયા. ૪૧૪

૫. 'જેઠા અને લાલ. લાલ એટલે આત્મા, તે રૂપે થઈને ભક્તિ કરવી.' - ભગતજી મળે તો દર્દમાત્ર મટી જાય. ૪૧૯

૬. ભગતજીની અંતિમ સેવા કરવા મહુવા ગયા - હેતવાળાને પત્રો લખાવ્યા. ૫૩૧

૭. આ વખતે જેણે મારાં દર્શન કર્યા તે તમામનું કલ્યાણ થશે - ભગતજી જેઠાભાઈને ૫૫૨

વ્યક્તિત્વ : ભગતજીને વિષે એકાંતિક સત્પુરુષનો દૃઢ નિશ્ચય કર્યો હતો. લોકની રીતે મળતું પણ રાખતા અને પોતાની ગુરુ ભકિત પણ અદા કરતા. ખોટા પક્ષવાળાની મહોબત મૂકી દેતાં વાર ન કરતા.

વિભાગ - ૩ : 'સ્વામીની વાતો' ઓગણીસમી નવી આવૃત્તિના આધારે

અભ્યાસક્રમની વાતોના ક્રમાંક : પ્રકરણ ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨

પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)

નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

૧. કોનાં દર્શને કરીને સમાધિ જેવું સુખ વર્ત્યા કરે ? (૩૪/૧૧૪)

જ. નિરંજનાનંદ સ્વામીને દર્શને કરીને સમાધિ જેવું સુખ વર્ત્યા કરે.

૨. બ્રાહ્મણના મનસૂબા ક્યારે ખોટા થઈ ગયા ? (૪૪/૧૨૧)

જ. રબારી બોલ્યો જે 'હૈયું ફોડ્ય મા, જોડા પહેરીને ચાલ્યો આવું છું ને પાણી તો ઝાંઝવાનાં બળે છે !' ત્યારે બ્રાહ્મણના મનસૂબા ખોટા થઈ ગયા.

૩. ચાર પાટીદારોને શું શું જોઈને મહારાજ કેવા કેવા જણાયા ? (૪૬/૧૨૨)

જ. ચાર પાટીદારોને મહારાજના ચરણારવિંદ જોઈને મહારાજ પુરુષોત્તમ જેવા જણાયા અને શરીર સામું જોઈને મહારાજ મનુષ્ય જેવા જણાયા.

૪. વર્તમાનકાળે ભગવાનનો શેમાં રાજીપો છે ? (૩૮/૧૧૭)

જ. વર્તમાનકાળે મહારાજનું અને આ સંતનું સ્વરૂપ નિર્દોષ સમજે, ભગવાનની આજ્ઞા પાળે ને રૂડા સાધુનો સંગ રાખે તેની ઉપર ભગવાનનો રાજીપો છે.

પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)

૧. સત્સંગ ક્યારે થાય ? (૪૫/૧૨૧)

જ. જ્યારે બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી ને સ્વરૂપાનંદ સ્વામી એવા મોટાનો નિરંતર સંગ હોય, ને બ્રહ્માના કલ્પ પર્યંત આયુષ્ય હોય, ત્યાં સુધી જ્ઞાનગોષ્ઠિ કરીએ ત્યારે સત્સંગ થાય છે, પણ તે વિના સત્સંગ થાય નહિ.

૨. સ્વામીની ભગવાનમાં અખંડવૃત્તિ. (૬૫/૧૩૪)

જ. 'જો તમે તમારો દેહ વિસારો, તો હું મહારાજની મૂર્તિ વિસારું. કેમ જે, જેમ માછલું છે તે જળમાં હાલેચાલે ને ક્રીડા કરે છે તેમ અમે બોલીએ-ચાલીએ ને ક્રિયા કરીએ, પણ ભગવાનને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહિ, ને જેને એવું ન જણાય તે તો મોટાને વિષે પણ દોષ પરઠે છે જે, પોતે હેરાન થાય છે ને બીજાને હેરાન કરે છે. તે દોષ જોનારો કોટિ કલ્પ સુધી નિવૃત્તિ પામતો નથી.

૩. ગોવિંદ સ્વામીનો સ્વભાવ મુકાવ્યો. (૫૨/૧૨૬)

જ. 'રીંગણાં ને ગાજરની માળા ગળામાં ઘાલીને જેતલપુર જઈ ભિક્ષા માગો. પછી કોઈ કહેશે જે, 'ગોવિંદ સ્વામી કાંઈ જોઈશે ?' ત્યારે કહેવું જે, 'હાઉ !!' અરે, ગોવિંદ સ્વામી, ગાંડા થયા ? ત્યારે કહેવું જે, 'હાઉં !!' એમ કરીને સ્વભાવ મુકાવ્યા.

પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બે ના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)

> **નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **લાખ મણ લોઢાની લોઢી ધગી હોય (૪૮/૧૨૨-૧૨૩) દૃષ્ટાંતઃ** લાખ મણ લોઢાની લોઢી ધગી હોય તેના ઉપર એક-બે પાણીના ઘડા ઢોળીએ તેણે કરીને ઠરે નહિ. ને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ તો દસ-પંદર દિવસ સુધી તો હવેલી જેવડી છોળ્યું ઊછળે ત્યારે માંડ માંડ ઠરે.

સિદ્ધાંતઃ જેમ લોઢુ વધારે હોય તેમ તેને ઠારવા માટે વધારે પાણી અને જગ્યાની જરૂર પડે છે. તેમ જન્મોજન્મ પંચવિષયો ભોગવીને ધગી ગયેલો જીવ જેને ટાઢો કરવો હોય તેણે એકાંતિક સંત પાસે જઈને સમાગમ કરે ત્યારે દસ-પંદર દિવસે માંડ તેને વિષયનો ફેર ઊતરે પછી વાત પેસે પછી ટાઢું થાય. જે સાધુ પાસે જાય તેને કોઈ કસર રહે નહિ.

૨. **શાહુકારે ખજાનો લૂંટાવી દીધો. (૬૧/૧૩૨) દૃષ્ટાંત :** શાહુકાર હીરો જોઈને બોલ્યો જે, 'સો મોટલિયા કરો ને દી ઊગ્યાથી તે આથમ્યા સુધી દ્રવ્ય લઈ જાઓ એટલું તમારું.' ત્યારે ગામમાં હાહાકાર બોલ્યો જે, શાહુકારે ખજાનો લૂંટાવી દીધો ! પછી તે શાહુકારના બાપે આવીને પૂછ્યું જે, શું જણસ લીધી ? ત્યારે કહ્યું જે, આ હીરો લીધો છે. ત્યારે તેણે જોઈને કહ્યું જે, મફત પડાવી લીધો, એક દિવસની કમાણી પણ દીધી નહિ.

સિદ્ધાંતઃ જેમ સમુદ્રમાંથી જે જે જીવનું જેવું ગજુ હોય તે પ્રમાણે પાણી પીને બળિયા થાય છે. આકાશને વિષે ઉડનારા પંખીઓમાં જેની પાંખમાં જેટલું બળ હોય તેટલું ઊડે છે અને આકાશનો મહિમા વધુ જાણે છે. તેમ જે ભક્તને જેટલી ઉપાસના વધુ દૃઢ તેટલો મહારાજનો અધિક મહિમા જાણતા જાય અને વધુને વધુ સામર્થી પામતા જાય. જેમ જેમ જ્ઞાન થતું જાય તેમ તેમ ભગવાનનો મહિમા જણાતો જાય.

૩. **ખીજડા અને આંબાનું દૃષ્ટાંત (૬૮/૧૩૫-૧૩૬) દૃષ્ટાંત :** હજાર વરસનો ખીજડો હોય તેને સાંગરીઉં થાય છે ને પાંચ વરસનો આંબો હોય તેને કેરિયું થાય છે. તે તો દૃષ્ટાંત ને એનું સિદ્ધાંત તો એ છે જે, ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત, તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવો છે, ને તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહિ અને વિદ્યા પણ બહુ ન ભણ્યો હોય ને અવસ્થા પણ થોડી હોય ને કૂળ ઊંચું ન હોય, પણ જો આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈ ને આ સાધુની ઓળખાણ થઈ, તો તે આંબા જેવા છે ને તેને સંગે તો ટાઢું થઈને સુખિયો થઈ જાય છે.

સિદ્ધાંત : રાવણ બ્રાહ્મણ કુળનો શાસ્ત્રપુરાણના અર્થને જાણનારો હતો પણ પ્રત્યક્ષ ભગવાનને ઓળખી ન શક્યો. તો એવાનો સંગ ન કરવો જોઈએ. જેણે જેણે એનો સંગ કર્યો તે બધાયનો નાશ થયો. માટે ખીજડા જેવા રાવણનો સંગ ન કરવો. અભણ ભીલ જાતિની શબરી રામને ઓળખી શકી માટે આંબા જેવી શબરીનો સંગ કરીએ તો ભગવાનની પ્રાપ્તિ થાય. **અથવા** બાર ગુણે યુક્ત બ્રાહ્મણ કરતાં પ્રત્યક્ષ ભગવાનની ઓળખાણ હોય તેવો શ્વપચ ભક્ત શ્રેષ્ઠ છે.

પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)

નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણનો અને ૧ ગુણ સમજૂતિનો આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે પ્રમાણ આવતાં હોય ત્યાં કોઈ પણ એક પ્રમાણ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.

૧. **દરિયાખાનના ઘુમ્મટમાં ધ્યાન કરતા મુક્તાનંદ સ્વામી અને સંતમંડળ પર સાપ ફર્યો તો પણ સ્થિર રહ્યા. (૪૩/૧૨૦) પ્રમાણ :** ધ્યાન કરવા બેસીએ ત્યારે જીવજંતુ કરડે તોપણ સ્થૂળ દેહને હલવા દેવું નહિ એટલે સ્થૂળ દેહ જિતાણું જાણવું. **સમજૂતિ :** ધ્યાન કરવાના સાધના માર્ગમાં પ્રથમ પગથિયું સ્થૂળ દેહ જીતવાનું છે. આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ ધ્યાન કરવા બેઠાને વાંસા પર વીંછી ચડ્યો કરડ્યો તો પણ ધ્યાન ભંગ ન થયા. તેવી રીતે ધ્યાન કરવું.

૨. **નારદજી ભગવાનનું મન કહેવાતા હતા છતાં વિશ્વમોહિની સાથે પરણ્યાનું મન થયું. (૫૧/૧૨૫) પ્રમાણ :** ગમે તેવો સાંખ્યવાળો હોય કે યોગવાળો હોય, તેને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી તે તો બુડાડી દે છે, તે નીસરાય નહિ. **સમજૂતિ :** નારદજીએ વિશ્વમોહિનીનો હાથ જોયો તેટલો જ સંગ થયો. તો પણ તેઓ પોતાના માર્ગથી ચલિત થઈ ગયા. માટે યોગનો પાર પામવા ઈચ્છતા પુરુષે સ્ત્રીનો સંગ ન કરવો જોઈએ.

૩. **સંત તે સ્વયં હરિ. (૫૩/૧૨૭, ૭૦/૧૩૭) પ્રમાણ : (૧)** ભગવાન એવા સાધુમાં રહીને પોતાનું દર્શન દે છે, વાતું કરે છે, મળે છે ને દૃષ્ટિ માંડીને જુએ છે. એ રીતે અનેક પ્રકારે સુખ આપે છે. (૨) આપણે ક્યાં પરોક્ષ છે ? આપણે તો પ્રત્યક્ષ છે, તે દર્શન દે છે, વાતું કરે છે, એવી રીતે બહુ સુખ આપે છે, પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સમજાય નહિ. **સમજૂતિ :** ભગવાન ક્યારેય આ પૃથ્વી પરથી જતા નથી. તેઓ સંત દ્વારે પોતાના ભક્તોને સુખ આપે છે. માટે એવા સંતને ઓળખીને તેમાં જીવ જોડવો જોઈએ. આપણા માટે તો એવા સંત આજે પણ પ્રમુખ સ્વામીરૂપે વિચરી રહ્યા છે. એટલે આપણે ભગવાન પરોક્ષ છે જ નહિ.

૪. **શુકમુનિને સેવકની વાતોથી ગુણાતીતાનંદ સ્વામી વિષે ભાવ ઓછો થઈ ગયો. (૩૬/૧૧૬) પ્રમાણ :** મનુષ્યભાવ તે શેણે કરીને આવે છે તો લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત તેણે કરીને મનુષ્યભાવ આવે છે. તેમાં જેવું પક્ષપાતે કરીને જીવનું ભૂંડું થાય છે તેવું તો પંચવિષયે કરીને પણ નથી થાતું. **સમજૂતિઃ** શુકમુનિને સેવક માટે પક્ષપાત હતો તો તેની વાતો સાંભળી સારા-નરસાનો વિચાર કરી ન શક્યા અને પોતે જાણતા હતા કે ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે. છતાં પક્ષપાતે કરીને ગુણાતીતાનંદ સ્વામીને વિષે ભાવ ઓછો કરીને પોતાના જીવનું બગાડ્યું.

❑ ❑ ❑